# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185


आज़ादी का अमृत महोत्सव

## વૉક ઇન ઇન્ટરવ્યુ

શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ દ્વારા સંચાલીત અર્બન હેલ્થ સેન્ટર માટે તબીબની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતાં ઉમેદવારોના વોક-ઇન ઇન્ટરવ્યુ નીચે જણાવેલ માહિતી અનુસાર રાખવામાં આવેલ છે. દરેક ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત તથા અનુભવ તેમજ ઉંમરનાં અસલ પ્રમાણપત્રોની સાથે પ્રમાણપત્રો અને પ્રમાણિત નકલો લઇને નીચે જણાવેલ તારીખે અને સરનામે ઇન્ટરવ્યુમાં આવવાનું રહેશે.

| ક્રમ નં. | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | અનુભવ | ઉચ્ચક માસિક વેતન | ઉંમર | ઇન્ટરવ્યુ તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧. | તબીબ (આર.બી.એસ.કે.) | ૧. સરકાર માન્ય કોલેજ યુનિવર્સીટી માંથી બી.એ.એમ.એસ. /બી.એચ.એમ.એસ સ્નાતક પાસ<br>૨. આયુર્વેદિક/ હોમિયોપેથિક કાઉન્સિલર ઓફ ગુજરાતનું રજીસ્ટ્રેશન જરૂરી<br>૩.ઈન્ટર શીપ કમ્પલીકેશન તેમજ સરકાર માન્ય સંસ્થા માંથી CCC અથવા કોમ્પ્યુટરબેઝીક કોર્ષ પાસ | સરકારી સંસ્થા/ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન/અર્બન હેલ્થ સોસાયટીમાં કામગીરીનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે. | ૨૫૦૦૦/- (ફિક્સ) | મહત્તમ ૪૦ વર્ષ | તા.૧૮/૧૨/૨૧ (શનિવાર) |

### શરતો

- પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ સાથે કરાર કરવાનો રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કોઇ હકક દાવો રહેશે નહી.
- ઉપરોકત જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
- ઉમેદવારે ઇન્ટરવ્યુ માટે લાયકાતનાં અને અનુભવનાં પ્રમાણપત્રની ચકાસણી કરાવવા સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ્દ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહી કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે. તે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો રહેશે નહી.

# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185


आज़ादी का अमृत महोत्सव

- ઉમેદવારનો અનુભવ અસલ પ્રમાણપત્ર ચકાસણી વખતે અસલ અનુભવનાં પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે તેઓના નિમણૂંક ઓર્ડરને આધારે અનુભવ ગણાશે નહી.
- જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવાર ના લઘુતમ માર્કસ ગણાશે.
- સ્ટેટ હેલ્થ સોસાયટી દ્વારા વખતો વખત મળતી સુચના મુજબ પગાર ધોરણમાં સુધારા વધારા કરવામાં અવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
- આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.
- સીલેકટ થયેલ ઉમેદવારની નિમણૂંક ૧૧ માસ માટે રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થતાં જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવશે.
- સીલેકટ થયેલ ઉમેદવારે ધી અર્બન હેલ્થ સોસાયટીના વખતોવખત નક્કી થતા ધારાધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.
- ઉમેદવારની નિમણૂંક અંગે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સુધારો સુચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરીથી તેમાં સુધારો કરવામાં આવશે.

- રજીસ્ટ્રેશનનો સમય :- સવારે ૦૯:૦૦ થી ૧૦:૦૦
- ઇન્ટરવ્યુની તારીખ :- તા. ૧૮/૧૨/૨૦૨૧ (શનિવાર)
- ઇન્ટરવ્યુનું સમય :- સવારે ૧૧:૦૦ થી શરુ
- ઇન્ટરવ્યુનું સ્થળ :- આરોગ્ય અધિકારીશ્રીની ઓફીસ, પ્રથમ માળ, આરોગ્ય ભવન, ગીતા મંદિર, અમદાવાદ

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ